# સમદર્શન આશ્રમના દશાબ્દિ મહોત્સવમાં સેવા કાર્યોની સરવાણી વહેવડાવાયી

## વૃધ્ધાશ્રમો, મુકબધિર શાળાઓ, સરકારી શાળાઓ અને ગરીબ પરિવારોને વિવિધ સહાયનું વિતરણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સેકટર-૧માં આવેલ સમદર્શન આશ્રમનો દશાબ્દિ મહોત્સવ હાલમાં ઉજવાઈ રહ્યો છે. આ દશાબ્દિ મહોત્સવ અંતર્ગત સદર્શન આશ્રમ દ્વારા અનેક સેવાકીય કાર્યો હાથ ધરવામાં આવ્યા છે જેમાં વિવિધ સંસ્થાઓને સહાયનું કાર્ય મુખ્ય છે. સ્કુલ ડ્રેસ, સરસ્વતી માતાજીનો ફોટો અને અન્ય જીવન જરુરિયાતની રસોડા માટેની ચીજ વસ્તુઓ આપવામાં આવી હતી.

આ ઉપરાંત બોરીજ, ઈન્દ્રોડા અને ધોળાકુવા સરકારી પ્રાથમિક શાળાઓ તથા સે-૧૬ અને સે-૨૨ સરકારી માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક




સમદર્શન આશ્રમના દશાબ્દિ મહોત્સવના ભાગરૂપે વૃધ્ધાશ્રમમાં રહેતા વડીલોને સહાયરૂપ થવાના હેતુથી વિવિધ વૃધ્ધાશ્રમોને સહાય વિતરણ કરવામાં આવ્યું હતું. આ સહાય વિતરણમાં ચિલોડા પાસે આવેલ મગોડી ગામના રાહેલબા વૃધ્ધાશ્રમ ને ગાંધીનગરના સે-૬માં આવેલ ક્રિષ્ના વૃધ્ધાશ્રમમાં બે પ્રેશર કુકર, તેલનો ડબ્બો તેમજ જરુરી કરિયાણું દાનમાં આપવામાં આવ્યું છે. આ ઉપરાંત સે-૨૮ની મુકબધિર શાળા, સે-૧૯ની સ્પેશિયલ કેર હોમ (એચ.આઈ.વી. બાળકોની સ્કુલ), સે-૧૬ની અંધશાળા અને છાત્રાલય, સરગાસણની માનવ સ્મૃતિ-મંદ બુધ્ધિના બાળકોની નિવાસી શાળા અને છાત્રાલય જેવી સંસ્થાઓને લોખંડના કબાટ, કપડાં રાખવાના લોખંડના ઘોડા, શાળાઓમાં જરુરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે સ્કુલ બેગ્સ, અને ફુલાસાઈઝની નોટબુકસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સાધના માનસિક ક્ષતિગ્રસ્ત વાલી મંડળ દ્વારા ગાંધીનગર શહેરની તમામ મુકબધિર અંધ-મંદબુધ્ધિવાળા બાળકો માટે બલરામ ભવનમાં બાલુડાના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમદર્શન આશ્રમ તરફથી ૨૦૦ બાળકોને ભોજન કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિવિધ વિસ્તારના ગરીબ પરિવારોને અનાજની ૧૦૦ કીટ અને ૫૦૦ નંગ કપડાંનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આમ સમદર્શન આશ્રમના દશાબ્દિ મહોત્સવમાં દાન અને સેવા કાર્યોની સરવાણી વહેવડાવવામાં આવી રહી છે.

# પોલીસના ૩૩૪ વાહનોની નંબર પ્લેટ પરથી પોલીસ અને 'P' ના લખાણો દૂર કરાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં પોલીસ, પ્રેસ, ગવર્મેન્ટ ઓફ ગુજરાત સહિતના વિવિધ લખાણો તથા ફેન્સી નંબર પ્લેટવાળા વાહનો મોટી સંખ્યામાં બેફામ ફરે છે. જેને લઈ ગાંધીનગર ટ્રાફિક પોલીસે ઝુંબેશ શરૂ કરી છે. ઝુંબેશ દરમિયાન પોલીસે કુલ ૩૩૪ વાહનોની નંબર પ્લેટ પરથી અયોગ્ય લખાણો દૂર કર્યા હતા.

ગાંધીનગર ટ્રાફિક પોલીસે ટુ વ્હીલર અને ફોર વ્હીલર વાહન પરનો નંબર પ્લેટ ચિતરાયેલા અયોગ્ય લખાણ દૂર કરવા ખાસ ઝુંબેશ હાથ ધરી છે. ખાસ કરીને ગાંધીનગરની પોલીસના વાહનો પરથી પોલીસ કે 'P' લખેલી નંબર પ્લેટ દૂર કરવાની ઝુંબેશ શરૂ કરવા ટ્રાફિક પોલીસે કામગીરી હાથ પર લીધી છે.

વિવિધ લખાણો ચિતરાવીને પ્રજા પર રોફ જમાવવાના અનેક કિસ્સાઓને લઈ આવા પોલીસ પ્રેસ અને રાજકીય હોદ્દાના લખાણો દૂર કરવા ટ્રાફિક પોલીસ દ્વારા કવાયત શરૂ કરવામાં આવી છે. પોલીસ કર્મચારી અધિકારીઓના વાહનો પર પરોલીસ કે 'P' સહિત વિવિધ લખાણો પર ટ્રાફિક પોલીસે કાર્યવાહી કરી કુલ ૩૩૪ વાહનો પરથી લખાણો હટાવી લીધા છે.

# ભાટ ગામમાં પશુચોરના આતંક સામે જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર અપાયું

## હથિયારધારી પશુચોર ટોળકીથી ગ્રામજનો પરેશાન : એક અઠવાડિયામાં છ પશુઓ ચોરાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીકના ભાટ ગામે છેલ્લા એક અઠવાડિયાથી હથિયારધારી કસાઈ ટોળકીએ રાત્રી દરમિયાન આવી પશુચોરી કરી ભારે આતંક મચાવ્યો છે. જે સંદર્ભે આજે ગ્રામજનોએ ભેગા મળી જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર આપી કસાઈઓ સામે પોલીસ કાર્યવાહી કરવા માંગ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના ભાટ ગામે છેલ્લા એક અઠવાડિયાથી દરરોજ રાત્રી દરમિયાન હથિયારધારી કસાઈ ટોળકી આતંક મચાવી રહી છે. અઠવાડિયા દરમિયાન આ કસાઈ ટોળકી ૬ જેટલા ગાય વાછરડા ચોરી ગયા છે. કસાઈઓનો આતંક વધતા ગ્રામજનો અને પશુપાલકોની રાતની ઉંઘ હરામ થઈ ગઈ છે. પશુપાલકો અને ગ્રામજનો દરરોજ રાતે ઉજાગરા કરે છે. તેમ છતાં હથિયારધારી કસાઈઓ ખુલ્લેઆમ આવી મુંગા પશુઓને વાહનમાં નાખી લઈ જાય છે. કસાઈ ટોળકીના આ આતંક સામે આજે ગ્રામજનોએ ગાંધીનગર જિલ્લા પોલીસવડા શરદ સિંઘલને આવેદનપત્ર આપ્યું છે અને આવા કસાઈઓ અને પશુચોર ટોળકીઓ સામે પોલીસ કાર્યવાહી કરે તેવી ઉગ્ર માંગ કરી છે. અમે રાત્રી દરમિયાન પોલીસ પેટ્રોલિંગ કરવા પણ માંગ કરી છે.

# મહિલા સુરક્ષા અને રોજગાર અંગે ચર્ચા વિચારણા માટે આવતીકાલે વસંત વગડા ખાતે મીટીંગનું આયોજન

ગાંધીનગર, તા. ૬

આજકાલ મહિલાઓ અને વૃદ્ધોની મુસાફરી દરમ્યાન સલામતી એ ચર્ચાનો વિષય છે. એમાંય મહિલા અને બાળકો મુસાફરીમાં એકલા હોય ત્યારે પોતે સલામત હશે કે નહીં, તેનો સતત ભય રહેતો હોય છે, રાત્રે કે પરોઢિયે રેલવે સ્ટેશન, એરપોર્ટ કે બસસ્ટેન્ડ હોય ત્યાં કોઈ મહિલા એકલા ઉતર્યા હોય તો ટેક્ષી કે રીક્ષામાં બેસવાની હિંમત નથી થતી. ટેક્ષી કે રીક્ષા ડ્રાઈવર ભાઈઓ સારા અને વિવેકી હોવા છતાં હું એકલી છું, હું સહીસલામત મારા ગંતવ્ય સ્થાન ઉપર પહોંચીશ કે નહીં તેનો અજંપો સતત મનમાં રહેતો હોય છે. આ અંગે કેટલીક બહેનોએ હિંમત બતાવીને અમે ટેક્ષી કે રીક્ષા ડ્રાઈવર બનીને ફક્ત બહેનો કે બહેનો સાથેના પરિવાર અને બાળકોને યોગ્ય સ્થળે સલામત રીતે પહોંચાડીશું એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. થોડા સમય પહેલાં કરેલ રાજ્યમાં જેમ મહિલા ટેક્ષી ડ્રાઈવર સેવા શરૂ કરવામાં આવી, તેવી ગુજરાતમાં સવિશેષ અમદાવાદ જેવા મોટા શહેરમાં પ્રાથમિકતા આપી, શંકરસિંહ વાઘેલા બાપુ ફાઉન્ડેશનના માધ્યમથી મહિલાઓની સુરક્ષા અને રોજગાર માટે મહિલા ડ્રાઈવર દ્વારા સંચાલિત ટેક્ષી સર્વિસ અને રીક્ષા ડ્રાઈવર તથા જરૂર પડે તો મહિલા ડ્રાઈવરની સાથે મહિલા સિક્યુરીટીની શરૂઆત કરવાનો વિચાર કરવામાં આવે છે. આ અંગે રસ ધરાવતી જે પોતે ટેક્ષી કે રીક્ષા ડ્રાઈવરનું લાયસન્સ મેળવી શકે અને આવી સવેતન સેવા આપી શકે તથા અન્ય સૂચનો માટે ચર્ચા વિચારણા કરવા માટે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું છે.



માનવ પ્રકૃતિ મુજબ સરળતાથી જે મળે છે તને સાચવી શકતો નથી. સેકટર-૬ અપના બજારમાં આવેલ પાણીની ટાંકી છલકાઈને પાણી વહેવા માંડે ત્યાં સુધી કોઈને કશી પડી નથી. આ બિલ્ડીંગમાં ઘણી ઓફિસો આવેલી છે ન તો તેઓ ધ્યાન રાખે છે ન તો ચોકીદાર ખ્યાલ રાખે છે. આ બંનેની આળસમાં પાણીનો વ્યય થાય તે ખરેખર શરમજનક છે તેવું સ્થાનિક વસાહતીઓનું માનવું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગર પ્રજાપતિ સમાજની નવી કારોબારીની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર પ્રજાપતિ સમાજની તા. ૨૮મી સપ્ટેમ્બરના રોજ મળેલી દ્વિવાર્ષિક જનરલ મીટીંગમાં આગામી બે વર્ષ માટે હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી.

આ નિમણુંક મુજબ પ્રમુખ પદે અલ્પેશભાઈ એમ. પ્રજાપતિ, મહામંત્રી પદે ભરતભાઈ એમ. પ્રજાપતિ, ઉપપ્રમુખ બાબુભાઈ જે. પ્રજાપતિ અને પ્રવિણભાઈ સી. પ્રજાપતિ, ખજાનચી પદે અલ્પેશભાઈ પ્રજાપતિ, મંત્રીપદે અલ્પેશભાઈ વી. પ્રજાપતિ, સહમંત્રી પંકજભાઈ એમ. ગુર્જર અને વિષ્ણુભાઈ જી. પ્રજાપતિની જંગી બહુમતીએ નિમણુંક કરવામાં આવી હતી. આ ઉપરાંત સંગઠન મંત્રી માટે રમણભાઈ પી. પ્રજાપતિ, નરેન્દ્રભાઈ પી. પ્રજાપતિ, નૈલેષભાઈ કે. પ્રજાપતિ, જગદીશભાઈ એન. પ્રજાપતિ, ગોવિંદભાઈ કે. પ્રજાપતિ અને દેવજીભાઈ કે. પ્રજાપતિ તેમજ સહ ખજાનચી પદે મનોજભાઈ એમ. પ્રજાપતિ અને ઓડિટર ઈશ્વરભાઈ આર. પ્રજાપતિની વરણી કરવામાં આવી હતી.

# નભોઈ કેનાલ પાસે બિનવારસી બાઈક મળી આવતા પોલીસ દોડતી થઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક નભોઈ કેનાલ પાસે આજે સાંજના સમયે બિનવારસી હાલતમાં બાઈક પડ્યુ હોવાની માહિતી મળતા ઈન્ફોસિટી પોલીસની ટીમ દોડતી થઈ ગઈ હતી અને શોધખોળ હાથ ધરી હતી.

ગાંધીનગર આસપાસના વિસ્તારમાંથી પસાર થતી નર્મદાની કેનાલમાં ઝંપલાવી આત્મહત્યાના કિસ્સામાં છેલ્લા ઘણા સમયમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. દરરોજના એક બે કેસ પોલીસના ચોપડે નોંધાયા છે. ગાંધીનગર નજીકની નભોઈ કેનાલ પાસે બિનવારસી હાલતમાં બાઈક પડ્યું હોવાની માહિતી ઈન્ફોસિટી પોલીસને મળતા પોલીસ ટીમે ઘટના સ્થળે દોડી આવી હતી અને આસપાસના વિસ્તાર તેમજ કેનાલમાં શોધખોળ હાથ ધરી હતી. જો કે હજુ સુધી પોલીસને કોઈ સફળતા મળી નથી.

# સેક્ટર-૭-એ વસાહત મંડળ દ્વારા નવરાત્રી-દશેરાની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સેક્ટર-૭-એ વસાહત મંડળ દ્વારા નવરાત્રી અને દશેરાના મહાપર્વમાં ભાતીગળ પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવ્યું હતું. નવરાત્રીમાં ગરબા આયોજન, દશેરાએ કે.જી. થી કોલેજ સુધીના બાળકો અને ભાઈ-બહેનોનું કલા પ્રદર્શન, ગમ્મત ગુલાલ, તેજસ્વી તારલાઓનું સન્માન, વરિષ્ઠ નાગરીકોનું સન્માન તથા ઘરદીઠ લ્હાણીની વહેંચણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય અશોકભાઈ પટેલ ખાસ હાજર રહ્યા હતા. તેમજ સમારંભના મુખ્ય મહેમાન તરીકે સિંચાઈ વિભાગના સુપ્રિ. એન્જીનીયર અશ્વિનભાઈ પટેલ હાજર રહી અન્ય દાતાઓ સાથે ૧૦૦ જેટલા ઈનામોથી વિજેતાઓને પુરસ્કૃત કર્યા હતા.

# આવતીકાલે સે-૨૯ના જલારામ મંદિર ખાતે શરદોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સે-૨૯માં આવેલ સુપ્રસિધ્ધ જલારામ સેવા સમાજ દ્વારા તા. ૮ મી ઓકટોબર બુધવારે રાત્રે ૮.૩૦ કલાકે 'શરદોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ શરદોત્સવમાં જલારામ મંદિરના પ્રાંગણમાં રાસ ગરબાનો સ્પર્ધાત્મક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

જલારામ મંદિર ખાતે આયોજિત આ શરદોત્સવમાં આર.કે. ગૃપ ઓફ મયુઝિકના સ્વીટુ બારોટ અને રાકેશ સોમેશ્વરાના મસ્તીભર્યા સૂરોના સથવારે રાસ ગરબા યોજાશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ હિનાબેન પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે આ શરદોત્સવમાં યોજાનારા સ્પર્ધાત્મક રાસ ગરબાના ખેલૈયાઓમાં શ્રેષ્ઠ ખેલૈયાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાશે તેમજ હાજર તમામ લોકોને દૂધ-પૌંઆનો પ્રસાદ પણ પીરસવામાં આવશે.

# દુઃખદ અવસાન

ગાંધીનગરના સેક્ટર-૨૦માં પ્લોટ નં. ૨૮૮ ખાતે રહેતા મંજુલાબેન બંસીલાલ સુખડીયાનું દુઃખદ અવસાન થયેલ છે.



સેક્ટર-૩એ ન્યુ નવરાત્રી ગરબા મહોત્સવ સમિતિ ૨૦૧૪ દ્વારા માતાજીની દુર્ગાષ્ટમી નિમિત્તે ૧૦૦૧ દિવડાઓની મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ હતું તેની એક ઝલક. (તસવીર : ભાગ્યેશ ભાવસાર)

# તૈયાર કપાસ વેચવાના સમયે જ બજારમાં ભાવો ગગડી જતાં ટેકાના ભાવ નક્કી કરવા અપીલ

## ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળ દ્વારા લઘુત્તમ ટેકાનો મણે રૂ. ૧૩૦૦નો ભાવ રાખવા સૂચન : સીસીઆઈ દ્વારા દિવાળી પહેલા ખરીદી કરવાની પ્રથા અમલમાં મુકવા અનુરોધ કરાયો

ગાંધીનગર, તા.૬

ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળ દ્વારા ચાલુ વર્ષે કપાસના ભાવોમાં ખેડૂતોના વેચવાના સમયે જ ઘટાડો થવાથી સરકારને ટેકાના ભાવ નક્કી કરવા તેમજ ડિસેમ્બરમાં સીસીઆઈ દ્વારા કપાસની ખરીદી કરવાની જૂની પ્રથાના સ્થાને દિવાળી પહેલા ખરીદી કરવાની શરૂઆત કરવા અપીલ કરાઈ છે. હિત રક્ષક મંડળ દ્વારા આ અપીલમાં કપાસનો ટેકાવો ભાવ રૂપિયા ૧૩૦૦નો રાખવા પણ ભલામણ કરવામાં આવી છે.

છેલ્લા બે માસથી સતત વૈશ્વિક ઘટાડાના કારણે ખેડૂતોના તૈયાર થયેલ કપાસના પાકનો વેચવાનો સમય આવ્યો ત્યારે જ તેના બાવો બજારમાં મણે ૩૦૦ થી ૪૦૦ ઘટીને રૂપિયા ૬૫૦ થી ૭૫૦ના મળી રહ્યા છે જેને કારણે દિવાળી સમયે ખેડૂતોમાં ભારે નિરાશા મળી રહી છે. આ ઉપરાંત આ વર્ષે વરસાદની સતત અનિયમિતતા જેવી કે મોડી શરૂઆત અને ત્યારબાદ સતત હેલી સ્વરૂપે પડતા ખેડૂતોને એક વીઘાના કપાસના વાવેતરની સામે ૧૫ મણનો જ ઉતારો મળી રહ્યો છે. વરસાદની અનિયમિતતાને કારણે ખેડૂતોને ખાતર, દવા, બિયારણ વગેરે મોંઘા પડયા હોવાથી પડતર કિંમત ખુબ ઉંચી આવી હતી જેના પ્રમાણમાં વર્તમાન ભાવો ના મળતા નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળ દ્વારા ખેડૂતોની આ નાજુક પરિસ્થિતિ જોઈ જેમને ભારતનું નેતૃત્વ આપવામાં ખેડૂતોએ પાછું વળીને જોયું નથી તેવી ભાજપની સરકાર સમક્ષ કપાસના ટેકાના લઘુત્તમ ભાવ મણે રૂપિયા ૧૩૦૦ નક્કી કરવા અનુરોધ કર્યો છે. વળી દર વખતે સીસીઆઈ દ્વારા દિવાળી બાદ ડિસેમ્બર-જાન્યુઆરીમાં ખરીદી કરવામાં આવે છે જેના કારણે દિવાળી સમયે આર્થિક જરુરિયાત હોવાથી ખેડૂતોને ખર્ચા પૂરા કરવા ઓછા ભાવે બજારમાં માલ વેચવા મજબૂર બનવું પડે છે. હિત રક્ષક મંડળ દ્વારા સરકારને આ પ્રથામાં સુધારો કરી દિવાળી પહેલા ખેડૂતો પાસેથી લઘુત્તમ ટેકાના ભાવે કપાસ ખરીદવાની નીતિ અપનાવવા સૂચન કર્યું છે. જેના કારણે ખેડૂતોને તેમની પેદાશનું યોગ્ય વળતર મળી રહે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૪
સૂર્યાસ્ત : ૬.૨૧

## તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૫૨ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

બેંગ બેંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :

હૈદર : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૩ :

બેંગ બેંગ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૪ :

હૈદર : ૧૧.૦૦

૩ એ.એમ. : ૨.૩૦

ખૂબસૂરત : ૪.૪૫

ગોવિંદુ અન્ડારીવાડેલે : ૭.૦૦

: સ્ક્રીન-૫ :

બેંગ બેંગ : ૧૦.૦૦

હૈદર : ૨.૧૫, ૫.૧૫, ૮.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બેંગ બેંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

હૈદર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

બેંગ બેંગ : ૯.૩૦, ૩.૩૦, ૯.૩૦

હૈદર : ૧૨.૩૦, ૬.૩૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

● સ્વ. મંજુલાબેન બંસીલાલ સુખડીયા, (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૨૮૮, સેક્ટર-૨૦, ગાંધીનગર